સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પારકા ભાણામાં હમેશાં લાડુ મોટા જ દેખાય છે,
'કોમ પર કાબૂ' ના બણગા હવે ખોટા ફેંકાય છે.
જોખાય છે બધું મતદારની સમજના ત્રાજવે -
રહ્યા નથી કોઈ 'ગાંધી મૂલ્યો' વાદી, ખોટા ખેંચાય છે
(ખોટી ખેંચતાણ)

હાઈકુ

લાભ જોઈને -
સત્તાની પથારી એ -
લેટે લાલાઓ...

ચૂંટણી પછી -
પક્ષપલ્ટુ પોટલાં -
નાખો વખારે...

ચિંતન

ધર્માર્થૌ યઃ પરિત્યજ્ય સ્યાદિન્દ્રિયવશાડ્નુગઃ ।
શ્રીપ્રાણધનદારેભ્યઃ ક્ષિપ્રં સ પરિહીયતે ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે પુરુષ ધર્મ અને અર્થનો ત્યાગ કરીને ઈન્દ્રિયોને વશ થઈ ચાલે છે, તેને શ્રી (સંપત્તિ), પ્રાણ, ધન તથા સ્ત્રી આ ચારેય શીઘ્ર ત્યજી દે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઈન્દ્રિય-સંયમી બનીને ધર્મ, અર્થ જેવા પુરુષાર્થોનું સેવન કરાય તો સર્વ ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

નીતિમય જીવન હોય તો જ ધર્મ-સંપત્તિનો સાથ મળે છે નહીં તો શ્રી 'લક્ષ્મીજી' ત્યાગ કરી જાય છે લક્ષ્મી ત્યાગ કરે પછી શરીર સ્વાસ્થ્ય - સ્ત્રી વગેરે પણ ત્યાગ કરી જાય છે.

સુવિચાર

- મનને બંધન અને આત્માને મુક્તિ ગમે છે - **આપ્તસૂત્ર**
- 'જ્ઞાની' દ્વંદ્વથી પર થયેલા હોય છે અને દ્વંદ્વ એટલે આ સંસાર - **કાકા કાલેલકર**
- જે જ્ઞાન વર્તનમાંના આવે તે જ્ઞાન જ નથી, અજ્ઞાન છે, જ્ઞાન તો હંમેશા વર્તનમાં આવે જ - **શંકરાચાર્ય**
- જેણે અન્ય કાજે જીવન સમર્પ્યું છે તે સાધુ છે - **રણછોડદાસ મહારાજ**
- જો ફેલાણું હોત તો ફલાણી પ્રાપ્તિ થાત, એવા નિયમને કુદરત તાબે થતી હોત તો બધાને ઘેર રોજ દિવાળી હોત - **ઉમાશંકર જોષી**
- સોગંધ એ સુગંધયુક્ત જુઠાણું છે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : અંકોલના લીલા પાન ને પીસી તેની પોટીસ બનાવી સોજા પર લગાડવાથી સોજા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

શેખસાદી સૂફી સંત હતા. તેઓ પોતાના સાદા જીવન તથા વ્યવહારિક જ્ઞાન માટે પ્રખ્યાત હતા. એક દિવસ તેમની પાસે એક માણસ આવ્યો. તેણે કહ્યું, 'હું ખૂબ દૂરથી આપની ખ્યાતિ સાંભળીને આપની પાસે તાલીમ લેવા આવ્યો છું. હું આ અગાઉ ઘણા સંતો, ફકીરોને મળી ચૂક્યો છું. પણ મારી કમનસીબી એ છે કે તેઓ મારી બાબતમાં નિષ્ફળ રહ્યા છે અને તેઓ મને કશું શીખવી શક્યા નથી.' શેખ સાદી એ કહ્યું, હું આપને એક વાર્તા કહેવા માંગુ છું, જે વાર્તા સાંભળ્યા પછી તમે ખુદ તમારું મૂલ્યાંકન વધુ સારી રીતે કરી શકશો. શેખ સાદીએ કહ્યું, 'એક બાદશાહને જ દીકરો હતો, દીકરો જડબુદ્ધિનો હતો. બાદશાહે તેની તાલીમ માટે ઉત્તમ શિક્ષકો રોક્યા પરંતુ તે કંઈ શીખી શક્યો નહીં. ત્યારબાદ બાદશાહે તેને એક સંત પાસે આશ્રમમાં મૂક્યો. બાદશાહે સંતને કહ્યું, 'મારા આ રાજકુમારને આપની પાસે રાખો અને અન્ય શિષ્યો સાથે તેને ભણાવો.' સંતે બાદશાહની વાત સ્વીકારી લીધી. થોડા વર્ષો સુધી રાજકુમારને ભણાવ્યો. બીજા બધા શિષ્યો ભણીને હોંશિયાર બની ગયા. પરંતુ રાજકુમાર કંઈ શીખી શક્યો નહીં. બાદશાહ રાજકુમારને લેવા આવ્યા ત્યારે ખૂબ નારાજ થયા. તેમણે સંતને કહ્યું, 'તમે તમારો વાયદો ને નિભાવ્યો.' સંતે નમ્રતાથી કહ્યું, 'જહાંપનાહ, મેં મારા સૌ શિષ્યોને એક સરખી તાલીમ આપી છે, પરંતુ સૌની શીખવાની ક્ષમતા જુદી જુદી હોય છે, દાખલા તરીકે સોનું-ચાંદી જમીનમાંથી મળે છે, પરંતુ બધી જમીનમાંથી નહીં.' બાદશાહ સંતનો મર્મ સમજી ગયા. આથી ગુરુ કરતા શિષ્યની ગ્રહણક્ષમતા ઉપર જ શિક્ષણની સફળતાનો આધાર છે. જેની ગ્રહણ ક્ષમતા ઊંચી તેનું બૌદ્ધિક સ્તર ઊંચું હોય તે સ્વાભાવિક છે. શેખસાદીની વાતથી પેલા માણસને સંતોષ થયો.

બે પ્રખર હસ્તીઓનું પ્રાગટ્યપર્વ

તંત્રીસ્થાનેથી...

જુલાઈ આમ તો રોમન સમ્રાટ જુલિયસ સીઝરની યાદ અપાવતો મહિનો છે અને આપણા માટે એ વરસાદનીય ઋતુ છે. ગુજરાત પર મેઘરાજા રીઝ્યા છે.વ વડાપ્રધાન વલસાડ જિલ્લાની એસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાના ખાતમુર્હૂત માટે આવવાના હતા. વરસાદને કારણે એમનો કાર્યક્રમ બંધ રહ્યો છે અને વિપક્ષોએ રજૂ કરેલી સરકાર સામેની અવિશ્વાસની દરખાસ્તનો પડકાર ઝીલવા દિલ્હી ખાતે રોકાઈ જવું પડ્યું છે. આવી રોમાંચક ઘટનાઓ તળે 'ગુજરાત મોરી મોરી રે' જેવું પ્રદેશગીત રચનારા વૈશ્વિક ચેતના ધરાવતા ગૂર્જર ગિરાના શિરતાજનું સ્મરણ ચૂકી ન જવાય તે જરૂરી છે. ભોમિયા વિના ડુંગરા ભમવાની ઝંખના સેવનારા ઉમાશંકર યુગદ્રષ્ટા કવિ છે. બંગાળ અને તમિલનાડુ રવીન્દ્રનાથ અને સુબ્રહ્મણ્યમ ભારતીને જે ઉમળકા સાથે સંભારે છે એની સરખામણીએ આપણે આપણી મેઘાણી, ઉમાશંકર કે સુંદરમ્‌ને યાદ કરીએ છીએ ખરાં ? ગુજરાતીઓએ જરા જાત ઢંઢોળવા જેવી છે. મહાજાતિ ગુજરાતી તરીકે આપણે દુનિયાના ખૂણે ખૂણે પથરાઈ ગયા એ ગૌરવની વાત છે. પરંતુ ખાટલે મોડી ખોડ કે આપણી ભાષા પ્રત્યે આપણે મહારાષ્ટ્ર, બંગાળ કે તમિલનાડુ વાસી ભારતીયો જેટલા 'પઝેસિવ' નથી બની શકયા. ઉમાશંકર એ ગૂર્જરગિરાનું ગરવું ગુરુશિખર છે. એમનું પ્રાગટ્યપર્વ સમસ્ત દુનિયામાં વસેલા ગુજરાતીઓએ ઊજવવું જોઈએ. ઉમાશંકરની સાથે જેમને જ્ઞાનપીઠ પારિતોષિક મળેલું તે કે.વી.પુટપ્પા ('કુવેમ્પુ') કર્ણાટકમાં લોકદેવતાની જેમ પૂજાય છે. મૈસૂર યુનિવર્સિટી સાથે એમનું નામ જોડી દેવામાં આવ્યું છે અને મૈસૂર, બેંગલુરુ સહિતનાં બધાં જ શહેરોમાં 'કુવેમ્પુ નગર' નામની વસાહતો જોવા મળે છે. એની સરખામણીએ આપણી પાસે શું છે ? અમદાવાદ ખાતે કવિના નિવાસ નજીક નાનકડો ઉમાશંકર જોશી માર્ગ અને હિંમતનગરના ફાટક પર એક એ નામનો પુલ. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને આ વાત કઠી એટલે કવિની શતાબ્દી વેળાએ એમણે પોતાના વિદ્યાકીય ટ્રસ્ટમાંથી ખર્ચ પાડીને કવિના મૂળ ગામ - એમના જન્મસ્થાન બામણા ખાતે એમની પ્રતિમા બનાવડાવીને મૂકી. શંકરસિંહ વાઘેલાનો જન્મદિવસ પણ યોગાનુયોગ ૨૧મી જુલાઈ જ છે. ગુજરાતને એની સાચી ઓળખ અપાવવામાં આ ક્ષત્રિય નેતાનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે. અદના ખેડૂત પરિવારનું આ ફરજંદ ગુજરાતના મુખ્યમંત્રી પદે પહોંચી 'ટનાટન' સરકાર ચલાવી જાણે, લોકોની દૂંટીમાંથી ઊઠતા અવાજને પકડી શકે એ કોઈ ચમત્કારથી ઓછું નથી. શંકરસિંહ વાઘેલા વ્યક્તિ મટીને ઘટના બની ચૂક્યા છે. ઉમાશંકરે પોતાની જાતને વસુંધરાનું ઢેફું ગણાવી વ્યક્તિ મટી વિશ્વમાનવી બનવાની ઝંખના સેવી હતી. શંકરસિંહ વાઘેલાએ જરા જુદી રીતે એ કવિ ચેતનાને સંકોરી છે. એ મૂળે લોકચેતનાના માનવી છે. વાસણા જેવા નાના ગામની સીમમાં પુરાણ પ્રસિદ્ધ શિવાલયના જીણોદ્ધારથી લઈ યુનિવર્સિટી કક્ષાનું 'નૉલેજ વિલેજ' - વિદ્યાગ્રામ ઊભું કરી એમણે સાચી સર્જકતાનું યાદગાર ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાત એમને પણ મહાત્મા ગાંધી એન સંત મોરારિ બાપુની જેમ 'બાપુ' ના હુલામણા નામે ઓળખે છે તે અમથું કે ? સ્વમાન અને સ્વાભિમાનમાં મહારાણા પ્રતાપ જેવી ખુમારી અને ખુદ્દારી, પરંતુ હૈયે તો છેવાડા માનવીનું જ ગાંધીબાપુ જેવું હેત અને હિત. ગુજરાતના અદના માનવીને હજી આ 'બાપુ' પાસે ઘણી ઘણી આશાઓ અને અપેક્ષાઓ છે. આજે એમના પ્રાગટ્ય પર્વે અઢળક શુભકામનાઓ પાઠવીએ.

નાભિષેકો ન સંસ્કાર.. સ્વયમેવ મૃગેન્દ્રતા...

સકસેસ કે પીછે મત ભાગો, કાબિલ બનો કાબિલ
કામયાબી તો સાલી જખ માર કે પીછે આયેગી
- ઉ ઈડીયટસ્

ઉ ઈડીયટસ્‌નો ડાયલોગ તો નાના બાળકથી માંડીને મોટેરાઓ સુધી દરેકના હોઠો પર રમે છે. અભિજાત જોષી અને રાજકુમાર હિરાનીના વાર્તાકથન અને સંવાદ લેખનની એક છટા એ છે કે, તેઓ ખૂબ જ ગંભીર એન તત્વદર્શી વાત ખૂબ જ સચોટ રીતે સરળ ભાષામાં કરી દે છે.

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

આજે આપણે એક ઘેટા ચાલમાં ચાલીએ છીએ, એક વ્યક્તિએ કોઈ નવી વસ્તુ શરુ કરી બધા તેની જ નકલ કરવા લાગશે, જોઈને નવો ચીલો ચાતરવો નથી, એન્જીનીયરીંગમાં બધાં જાય છે, તો આપણે પણ ચાલો, સી.એ. નો ક્રેઝ વધે તો બધા તે જ લાઈન લેવા લાગશે... પોતાની આવડતથી કે પોતાની વિશિષ્ટતાને જો ઉજાગર કરીશું તો સફળતા તો સ્વયં વરમાળા પહેરાવવા આવશે... આવા જ અર્થ સામ્ય વાળુ એક સુભાષિત મળી આવે છે.

નાભિષેકો ન સંસ્કારઃ સિંહસ્થ ક્રિયતે વને ।
વિક્રમાર્જિતસત્ત્વસ્ય સ્યવમેવ મૃગેન્દ્રતા ॥

સિંહને જંગલનો રાજા નિયુક્ત કરવા માટે કોઈ અભિષેક કે ઢંઢેરો પીટવામાં આવતો નથી, કોઈ સંસ્કાર કરવામાં આવતા નથી, તે પોતાના ગુણ અને પરાક્રમથી જ મૃગેન્દ્રપણું - નૃપત્વ પ્રાપ્ત કરે છે.

આજના સમયમાં જ આપણે આંધળું અનુકરણ કરવાવાળા છીએ, તેવું નથી, આપણી આવી માનસિકતા વર્ષો જૂની છે.

પોતાની આવડત અને ખૂબીને બહાર લાવીને નવો ચીલો ચાતરતું, તો આપણે સફળતાને તો ચોક્કસ પ્રાપ્ત કરીશું જ પરંત સાથે-સાથે માર્ગ ચીંધનાર પથદર્શક પણ બની શકીશું...

'વાર્તાયન'નું સાતમું પર્વ ઉજવાયું

વૃત્તસંચય

● ગુજરાતી વાર્તા માસિક 'મમતા' અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, 'વાર્યાતન પર્વ' અંતર્ગત ૭મા પર્વની બેઠક તા. ૧૫-૦૭-૨૦૧૮ના રોજ પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં 'વાર્તાયન'ના સંયોજક અને સાહિત્ય સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટે આવકાર પ્રવચન કરી, વાર્તાયનના આયોજન અંગે જણાવી, વાર્તાકારો દિનેશ દેસાઈ અને ગોપાલી બૂચનો પરિચય આપ્યો હતો. આરંભમાં કુ. પીનલ ચૌધરીએ, સુનિલ ગંગોપાધ્યાય લિખિત બંગાળી ટૂંકીવાર્તા 'ઝરમર વરસાદ'નું વાચન કર્યું હતું. ત્યારબાદ ગોપાલી બૂચે પોતાની મૌલિક વાર્તા 'બદલાવ'નું અને દિનેશ દેસાઈએ સ્વલિખિત વાર્તા 'મેરેજ ફિયેસ્તા' નું વાંચન કર્યું હતું. પ્રો. સંજય પટેલ, પ્રતાપસિંહ ડાભી, પ્રજ્ઞા પટેલ અને ડૉ. કનૈયાલાલ ભટ્ટે વાર્તાઓની વિશેષ છણાવટ કરીને વાર્તાની ભાષા, વિષયવસ્તુ, સીધા કથન, કથનકલા, સંવાદ અને આધુનિકતાની બાબતે ચર્ચા કરી હતી. ધર્મેન્દ્ર ત્રિવેદીએ બંને વાર્તાઓની સમીક્ષા રજૂ કરી હતી.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● નર્મદ સાહિત્યસભા, સુરત દ્વારા તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ 'સંસ્કાર હૉલ' ગોપીપુરા - સુરત ખાતે 'નંદશંકર ચંદ્રક - નવલકથા સંગ્રહ માટે' નો ચંદ્રક અર્પણ કાર્યક્રમ પ્રફુલ્લ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો, જેમાં સને ૨૦૧૧-૧૨ નો નંદશંકર ચંદ્રક નવલકથાકાર - વાર્તાકાર અને ભારતીય સાહિત્ય અકાદમીના એવોર્ડ વિજેતા ડૉ. મોહન પરમારને તેમની નવલકથા 'સંકટ' માટે આપવામાં આવ્યો હતો જયારે વર્ષ - ૨૦૧૩-૧૪ માટે 'મહારાજ' નવલકથા માટે લેખક સૌરભ શાહને અને વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવલકથા 'અજાણી દિશા' માટે લેખક માવજી મહેશ્વરીને નંદશંકર ચંદ્રક આપવામાં આવ્યો હતો. નિર્ણાયકને પ્રતિભાવ દક્ષા વ્યાસ, ઉત્પલ પટેલે અને પ્રફુલ્લ દેસાઈએ આપ્યો હતો. અધ્યક્ષીય પ્રવચન પ્રફુલ્લ દેસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યામિની વ્યાસે કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com

લોકકલાઓ : આપણી ઉજળી ધરોહર

સૌરાષ્ટ્રે પંચરત્નાની,
નદી નારી તુરંગમ,
ચતુર્થમ સોમનાથશ્ચ,
પંચમમ્ હરિ દર્શનમ્

જામનગર રાજયના પંડિત શ્રી કંઠ કવિની આ પંક્તિઓમાં ગાગરમાં સાગર ભરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એક પ્રદેશની ઓળખ તથા તે પણ કેવી અને કેટલી બધી વિવિધતાઓથી ભરેલી ! આ નદીઓ ભલે કદાચ બારમાસી ન રહેતી હોય પરંતુ જનજીવન તથા તમામ સજીવ સૃષ્ટિ સાથે તેનું એક અતુટ બંધન રહેતું હતું. આજના સંદર્ભમાં જોઈએ તો પ્રદૂષણની વિકટ સમસ્યાથી આ જળપ્રવાહ મુક્ત હતો. કાઠિયાવાડી પાણીદાર અશ્વો જોઈને ઘણા બ્રિટિશ અમલદારો પણ પ્રભાવિત થઈ જતા અને પ્રશંસાના શબ્દો બોલતા તથા લખતા હતા. લોકોના અલગ મીજાજ, જીવન તરફથી તેમની દૃષ્ટિ તથા ઉત્સવો તરફના લગાવને કારણે કેટલીક પારંપારિક લોકકલાઓનો રંગીન માહોલ જીવનના તાણાવાણાની જેમ ગૂંથાઈને આ પ્રદેશના લોકોમાં પડેલો છે. લોકગીતો હોય, લોકસંગીત કે લોકનૃત્યો હોય તે દરેક લોકકલાઓએ સૌરાષ્ટ્ર તેમજ કચ્છ નિવાસીના જીવનમાં રંગો પૂર્યા છે. જીવનને મીકેનીકલ કે શુષ્ક થવામાંથી ઊગાર્યુ છે. મેળાઓમાં આ બધી લોકકલાઓનું પ્રગટીકરણ થતું જોવા મળે તે જાણીતી બાબત છે. કાળક્રમે તેમાં કેટલાક પરિવર્તન જરુર થયા છે પરંતુ કળાઓનો પ્રભાવ જીવાતા જીવનમાં, આર્થિક પ્રવૃત્તિઓમાં, સામાજિક રૂઢિઓમાં હજુ પણ વધતા ઓછા અંશે જોવા મળે છે. લોક અને લોકકલાઓનો આપસી સંબંધ વિચ્છેદ ન થઈ શકે તેવો છે.

અષાઢના ભણકારા હવે સંભળાઈ રહ્યા છે. વરસાદના ફોરાઓને આકંઠ માણવામાં વૃક્ષો તથા પક્ષીઓને જીવનની સાર્થકતા દેખાતી હોય તેમ લાગ્યા કરે છે. આ સ્થિતિને વધાવવા લોકગીતો જન હૈયેથી પ્રગટ થાય છે. લોકકલાઓના નવરંગ થાળમાં લોકગીતોનું અનેરુ સ્થાન છે. લોકગીત એ સહજ રીતેજ જનજીવનમાંથી પ્રગટ થતી ભાવનાઓ-લાગણીઓની ઉત્કૃષ્ટ રચના છે. તેમાં કળાનું-ભાવનું-લાગણીનું અનોખું ગૂંથણ છે. આ પ્રાચીનતાના સૂરો આપણને પરંપરા દર્શન તો કરાવેજ છે પરંતુ આપણાં વર્તમાન જીવનમાં પણ ભાતીગળ રંગો ઉમેરે છે. લોકગીતો ખરા અર્થમાં આપણી પ્રજાની શાશ્વત સંપત્તિ સમાન છે. હજુ તો ધરતી અષાઢ - શ્રાવણની ભીનાશ ઝીલે ન ઝીલે ત્યાંજ સમીસાંજે સંધ્યાકાળે કે રસઝરતી ચાંદનીના નીતરતા અજવાળામાં ગોપગોવાળો મસ્તીમાં સૂરો છેડે છે.

અમે મૈયારે ગોકુળ ગામના
મારે મહી વેચવાને જાવા....
મૈયારા રે... ગોકુળ ગામના.
રાધાજીના ઊંચા મંદિર નીચા મોલ
ઝરુખડે દીવા બળે રે લોલ
રાધા ગોરી ગરબે રમવા આવો
સાહેલી સહુ ટોળે મળી રે લોલ

ગરબાઓ તેમજ લોકગીતોના આ સ્વરોના કોઈ ચોક્કસ રચનાકારો નથી. તેના તળપદા શબ્દોના કોઈ વ્યકિતગત જનક નથી. દયારામ કે પ્રેમાનંદ પહેલાથી આ સ્વરો અવિરત આવ્યા કરે છે, ઝીલાયા કરે છે.

લોકકથાઓ – આખ્યાનો – લોકવાર્તાઓ વગેરે પણ લોકકલાના એક મજબૂત તથા લોકભોગ્ય સ્વરૂપ સમાન છે. લોકસાહિત્ય - લોકવિદ્યાના ઉપાસક તથા સંવર્ધક બ્રિટીશ અમલદાર જેમ્સ ફોર્બ્સે આ પ્રકારની વિદ્યાઓ ગ્રંથસ્થ કરવાનું કામ એક સદી પહેલા કર્યું. કંઠસ્થ પરંપરાનું આ સાહિત્ય આપણી ઉત્કૃષ્ટ લોકકળાનો અદભૂત નમૂનો છે. લોકકળાની અસરકારક તથા આકર્ષક રજૂઆત એ તેનું મહત્વનું પાસું છે. લોકવાર્તામાં વાર્તાકાર તથા શ્રોતા વચ્ચેનો એક એવો સંવાદ છે કે જેમાં બન્ને પક્ષે પૂર્ણ તન્મયતાનો અનુભવ થાય છે. લોકવાર્તાઓના સઘળા માધ્યમથી સંસ્કારની એક ઉજળી પરંપરાને ટકાવવાનો પ્રયાસ થાય છે. રાજકોટ રેડિયો સ્ટેશન પરથી પ્રસારીત થતી કાનજી ભુટા

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

બારોટની લોકવાર્તાઓ સાંભળવા આજે પણ લોકો ઉત્?સુક રહે છે. બચુભાઈ ગઢવી કે દરબાર પુંજાવાળાની વાતોનો કદી અભાવ આવતો નથી. લોકકલાની શૈલી અસરકારક હોવાની સાથે સાથે સરળ તથા નિરાંડબરી હોય છે. લોકકથાઓમાં વણી લેવાયેલા વિષયો તત્કાલિન સામાજિક સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે.

લોકસંગીતની પણ એક આગવી અસરકારકતા લોકજીવનમાં જોવા મળે છે. લોકસંગીતના ભાવોને અભિવ્યક્ત કરવામાં પૂરક બને તેવા સાદા વાદ્યો પણ મહદ્‌અંશે આવી પ્રસ્તુતિમાં વપરાય છે. ઢોલ, ઢોલક, બંસી, પાવો, એકતારો, મંજીરા કે રાવણ હથ્થો જેવા લોકોને સહજ ઉપલબ્ધ સાધનોએ લોકસંગીતની પ્રસ્તુતિમાં પ્રાણ પૂર્યા છે. જીવાતા જીવનના વિવિધ વ્યવહારોમાંથી પ્રગટ થતું આ ગીતસંગીત છે અને તેથી તેનો મૂળ સંબંધ સહજતા સાધે છે. બાળકને હાલરડુ ગાઈને સુવરાવતી માતા, નાનાભાઈને જોડકણું સંભળાવીને રાજી કરવા મથતી બહેન, ડુંગરગાળા ગજાવતો આપણો ગોપ-ગોવાળ કે પ્રભાતિયા ગાઈને જાદવાને જગાડતી દિકરી કે ઘરની લક્ષ્મીના ગળાની મીઠાશ તથા તેની પ્રસન્ન ઊર્મિનો આવેગ આ ગીત-સંગીતમાં સુપેરે ઝીલાયેલા છે. બાળગીતોથી માંડી મૃત્યુ બાદ ગવાતા મરશિયા સુધીનો વિશાળ વ્યાપ લોકસંગીત – લોકગીતોનો છે. દરેક અવસરે તેની પ્રાસંગિકતા છે. ગુજરાતી ફિલ્મોએ પણ આજ લોકસંગીતનો સહારો લઈ તેમની પ્રસ્તુતિ વધારે લોકભોગ્ય બનાવવા પ્રયાસ કર્યા એ જાણીતી બાબત છે. ઉજળી લોક પરંપરાઓનું સંવર્ધન કરવાની આપણી સામુહીક જવાબદારી છે.

માલિક અને મજૂરને બાપ દીકરાનો સંબંધ એમાં કોઈ વચ્ચે આવે સહન કેમ કરીએ?

અમદાવાદની મજૂર હડતાળ અને મહાત્મા ગાંધીની વાત

ચંપારણ સત્યાગ્રહ અર્થે ગાંધી બિહારમાં છ મહીના રોકાયા. આ સત્યાગ્રહથી આખા હિંદુસ્તાનને સાચા સ્વરાજની તાલીમ મળી. ગાંધીને તો બિહારમાં ઘણું કામ કરવું હતું પણ એમને ખેડાના ખેડૂત આંદોલન અને અમદાવાદના મિલ માલિકો સામેનું મજૂર આંદોલન બિહારથી ગુજરાત ખેંચી લાવ્યું.

અમદાવાદમાં મિલ માલિક અંબાલાલ સારાભાઈએ લડત માંડી હતી. મિલ માલિકોના પ્રતિનિધિ તરીકે અંબાલાલ સારાભાઈ અને મજૂરોના પ્રતિનિધિ તરીકે ગાંધીજી હતા. ગાંધીજીને મિલ માલિકો સાથે મીઠો સંબંધ હતો. ગાંધીની સત્યાગ્રહ સહિતની રચનાત્મક પ્રવૃત્તિઓમાં જયારે જયારે નાણાંકીય સહાયની જરૂર પડતી ત્યારે ત્યારે મિલ માલિકોએ ઉદાર હાથે મદદ કરી હતી. આ દૃષ્ટિએ તેમની સામે લડવું એ વિષમ કામ હતું. તેમ છતાં ગાંધીએ મજૂરોને થતાં અન્યાય સામે લડતની આગેવાની સ્વીકારી લીધી હતી.

ગાંધીજીએ લડતની આગેવાની સ્વીકારી એ સાથે જ તેમનો મિલ માલિકો સાથે મતલબ શરૂ કરીને મજૂરોની માગણી વિશે એક પંચ નીમવા માટે વિનંતી કરી. પરંતુ માલિકોએ પોતાની અને મજૂરોની વચ્ચે પંચની દરમિયાનગીરીનો અસ્વીકાર કર્યો. આથી ગાંધીએ મજૂરોને હડતાળ પાડવાની સલાહ આપી. આવી સલાહ આપતા પહેલા તેમને મજૂરો અને મજૂર અગ્રણીઓ સાથે સારી રીતે ધરોબો કેળવાઈ ગયો હતો. હડતાળની સલાહ તો તેમણે આપી પણ સાથોસાથ હડતાળમાં કેટલીક શરતો પણ તેમને લાધી દીધી. સત્ય અને અહિંસાના માર્ગે ચાલતા ગાંધીની શરતો સાતેની હડતાળમાં જોગવાઈ આ મુજબની હતી :

૧. શાંતિનો ભંગ ન જ કરવો.

૨. જે મજૂર કામ કરવા માગતા હોય તો તેના પર બળાત્કાર ન કરવો. (એને કોઈ પણ રીતે અત્યાચારથી અટકાવવો નહીં.)

૩. મજૂરોએ ભિક્ષા અન્ન ન ખાવું.

૪. હડતાળ ગમે તેટલી લંબાય તો યે તેમણે દ્રઢ રહેવું, ને પોતાનો પૈસો ખૂટે તો બીજી મજૂર મેળવી ખાવાજોગું કમાવું.

- કોઈ પણ લડતમાં શરતો હોય પણ એ બે પક્ષ વચ્ચેનો મસલત વખતે સમાધાની ચર્ચા વખતે હોય, આ તો લડત કરતા આંદોલનકારીઓમાં સ્વયં શિસ્તના પાઠ ભણાવતા ગાંધીજીએ જુદી જુદી શરતોમાં મજૂરોને બાંધી દીધા. ગમે તે થાય પણ લડત દરમિયાન મજૂરોએ કોઈ ખખડાવે તો ખાવું નહીં, ભૂખ્યા રહેવું પણ ભિક્ષાની જેમ મેળવીને પેટનો ખાડો પૂરવો નહીં એવી શરત લાદી દીધી. પેટીયું રળવા માટેની લડતમાં ભૂખ્યા રહેવું પણ ભીખ માગવી નહીં એવી શિખ તેમણે પ્રેમથી મજૂરોની શીખવવાનો પ્રયાસ આ રીતે જોડી દીધો.

ગાંધીની શરતો મજૂર અગ્રણીઓએ બરાબર સમજી. કબૂલ રાખી. મિલ મજૂરોની જાહેરસભામાં હડતાળ લડતની શરતો સ્વીકારવામાં આવી ઉપરાંત જયાં સુધી માગણીઓ સ્વીકાર ન થાય, અથવા તેની યોગ્યતા -

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

અયોગ્યતા તપાસવા માટે પંચ નીમવામાં ન આવે ત્યાં સુધી મજૂરોએ કામ પર નહીં જવા ઠરાવ કર્યો.

આ હડતાળ પહેલાં જ અનસૂયાબેન સારાભાઈનો ખૂબ સારો પરિચય ગાંધીજીને થયો હતો. પણ હડતાળ દરમિયાન ખરો પરિચય ગાંધીજીને બે વ્યક્તિઓનો થયો. એક શંકરલાલ બેન્કર અને બીજા વલ્લભભાઈ પટેલ - સરદાર પટેલનો. આ ખરો 'ગાંધી-સરદાર' પરિચય આજીવન અકબંધ રહ્યો અને અમદાવાદના મિલ મજૂરોના આંદોલનની નીપજ હતી એમ આપણે કહી શકીએ.

મજૂર આંદોલને ગાંધીજીની માર્ગદર્શન હેઠળ દિશા પકડી અને બરાબર ચાલ્યું. રોજ સાબરમતી નદીના કિનારે એક ઝાડના છાયા નીચે સભા ભરાયા લાગી. સેંકડોની સંખ્યામાં તેમની હાજરી પૂરાવા લાગી હતી. ગાંધીજી દરરોજ બધાને પ્રતિજ્ઞાનું સ્મરણ કરાવતા હતા અને શાંતિ જાળવી રાખવા અને સ્વમાન સંઘરવાની આવશ્યકતા સમજાવતા હતા.

અમદાવાદના મિલ મજૂરોની હડતાળ એક દિવસ સુધી ચાલી હતી. ગાંધીજીએ વખતોવખત માલિકો સાથે વાટાઘાટો કરી પણ માલિકોએ 'અમારે પણ ટેક હોય ના ?' અમારી અને અમારા મજૂરોની વચ્ચે બાપદીકરાનો સંબંધ હોય. તેની વચ્ચે કોઈ આવે તો અમે કેમ સહન કરીએ ? તેની વચ્ચે પંચ કેવા ? આવા જવાબ માલિકો ગાંધીને આપતા હતા એની વાતો પછીથી કરશે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)